# ‘અકથ્ય’ વિશે થોડુંક

‘વાર્તાસંગ્રહને હજુ વાર છે’થી લઈને ‘હવે વાર્તાસંગ્રહ કરવો જોઈએ’ની યાત્રા એટલે ‘અકથ્ય’. કાચીપાકી વાર્તાઓ લખાતી ત્યારે મનમાં એક પણ વાર એવો વિચાર આવ્યો નહોતો કે આ બધી વાર્તાઓનો એક સંગ્રહ કરવો જોઈએ. વાર્તાલેખનની બારીકીઓ વિશે સમજ આવતી ગઈ એમ એમ એ સમજ અનુસાર વાર્તાઓ લખાતી ગઈ, પ્રકાશિત થતી ગઈ. આ સંગ્રહની બધી જ વાર્તાઓ કોઈ ને કોઈ સામયિકમાં પ્રકાશિત છે. ડૉક્યુમેન્ટેશન કરવાની કચાશ અને આળસને લીધે કઈ વાર્તા ક્યારે, કયા સામયિકમાં પ્રકાશિત થઈ એ નોંધ રખાઈ નથી. વાર્તાકળા વિશે ઊંડી સમજ કેળવવામાં મને કાયમ મારા વાર્તાકારમિત્રો અને વાર્તાકળાના તજજ્ઞોનો સાથ મળ્યો છે, એ માટે હું ખુદને નસીબદાર ગણું છું. શીખતાં શીખતાં જે આવડ્યું એ બધું જ ‘અકથ્ય’ દ્વારા કહેવાનો એક પ્રયાસ કર્યો છે. આશા છે, વાચકો સુધી મારો આ પ્રયાસ પહોંચ્યો હશે.

# ઋણસ્વીકાર

'અકથ્ય'ની વાર્તાઓ વાંચી, એ વાર્તાઓની બારીકીઓની વિશેષ નોંધ કરી આપવા બદલ લબ્ધપ્રતિષ્ઠ સાહિત્યકાર શ્રી કિરીટ દૂધાતનો સવિનય આભાર.

ઘણા બધા તબક્કાઓમાંથી પસાર થયા બાદ એક વાર્તા એના પૂર્ણ રૂપે લેખક સામે ઊઘડતી હોય છે. આ અલગ અલગ તબક્કાઓ એટલે સમકાલીન મિત્રો સાથે વાર્તાનાં સારાં-નરસાં પાસાં બાબતે થયેલી ચર્ચા, વિવિધ વાર્તાશિબિરોમાં વાર્તાપઠન કર્યા પછી એ વાર્તાઓ પર વાર્તાકળાના દિગ્ગજો દ્વારા અપાયેલી ટિપ્પણીઓ અને આ બધાંમાંથી વાર્તાને યોગ્ય દિશામાં ઘાટ આપવા માટેનાં જરૂરી એવાં સૂચનોનો અમલ. 'અકથ્ય'ની વાર્તાઓનું કથાબીજ મારું પોતીકું, પણ એ દરેક વાર્તાને આખરી ઓપ આપવામાં આ બધી જ ચર્ચા, ટિપ્પણીઓનો બહુમૂલ્ય ફાળો રહ્યો છે. હું એ તમામ વાર્તાકારમિત્રોની પણ આભારી છું.

'અકથ્ય'ના પ્રકાશન માટેની શરૂઆતી પ્રક્રિયાથી સતત સાથે રહેલા અને સમય સમય પર માર્ગદર્શન પૂરું પાડનાર મિત્ર સંજય વૈદ્યને પણ આ ક્ષણે યાદ કરું છું.

મારી વાર્તાઓને પુસ્તક રૂપ આપવા બદલ ઝેન ઓપસનો ખૂબ ખૂબ આભાર.

મારી કલમ સાથેની મિત્રતા જેના થકી સંભવ થઈ છે, મને લેખન તરફ ધકેલનાર અને જેના સાથ વિના આ પુસ્તક થઈ શકવું અશક્ય હતું એવા પ્રિય મનનને આ ક્ષણે દિલથી સ્મરું છું.

આ વાંચન આપને વધુ સમૃદ્ધ બનાવે એવી આશા સાથે 'અકથ્ય' હવે આપ સૌ વાચકોના હાથમાં.

અંતે,

શબ્દ થકી જેની સાધના કરવાનો અવસર પ્રાપ્ત થયો એવાં દેવી સરસ્વતીને નમન.



## એ સાંજ યાદ છે?

એનું નામ પ્રતીક. આ સામે દેખાય એ ફ્લૅટના બીજા માળે રહે છે. હા, પેલી ખુલ્લી બારી દેખાય એ જ ફ્લૅટ. બાકીના બધા ફ્લૅટની બારીમાં સળિયા અને દરવાજા છે, એક એના જ ફ્લૅટની બારી એકેય દરવાજા અને સળિયા વિનાની છે. અને, એટલે જ તો એના તરફ તમારું ધ્યાન પડ્યું છે! પાર્કમાં આવતાં બીજા કોઈને એ તરફ જોવાની ફુરસદ પણ નથી. પણ તમે જુઓ

છો. ચાલતી વખતેય પાછળ ફરી ફરીને જુઓ છો. રોજ કસરત કરવાના બહાને અહીં આ સાધન પર ચડીને એ બારી તરફ જોયા કરો છો. પગ તો ચાલ્યા કરે એની લય પ્રમાણે, પણ તમારા મનમાં વિચારો અટકી પડ્યા છે! જો, હજુય તમારી નજર એ બારી પર જ ચોંટી ગઈ છે!

હા, તમને જ કહું છું. કેટલા દિવસો પછી તમારું ધ્યાન પડ્યું! ચાલો, સરસ. હવે મને સાંભળી શકો છો તો આજે મારી વાત સાંભળીને જ જજો. એક મિનિટ. મારી ઓળખાણ તો તમને આપવાની જ રહી ગઈ!

નામ – xyz ના પપ્પા, મમ્મી, ભાઈ અથવા બહેન.

હા ભાઈ, માણસનાં નામ હોય, અમારું નહીં! અને મારી તો ઓળખાણ પણ જે મને સાંભળે એના પર આધારિત છે. તમે એક પિતા છો, તો હું પણ તમને એક પિતા તરીકે જ મળીશ. ધારી લો કે હું પણ એક પિતા છું.

મને ખબર છે કે તમારા મનમાં શું વિચારો ચાલે છે. તમે ઝીણવટથી બારીનું અવલોકન કરો છો. ત્યાં પડી છે પાણીની બૉટલ અને એક પુસ્તક. મતલબ, ઘરમાં કોઈક તો રહે છે, હે ને? એ ફ્લૅટમાં ટોટલ દસ માળ છે. પ્રતીક બીજા માળે રહે છે. વર્ષોથી એકલો રહે છે. બે રૂમ રસોડાનું ઘર છે. પહેલા દિવસે અચાનક તમારું ધ્યાન ત્યાં ગયું ત્યારે તમારી આંખોમાં આવેલી ચમક મેં નોંધી લીધેલી. હું તો તે દિવસથી તમારું ધ્યાન મારા તરફ વાળવાની કોશિશમાં છું. કારણમાં તો એટલું જ કે, મને ખ્યાલ છે કે જે માણસ એ બારીની એકલતા જોઈ શકે એ મને પણ સાંભળી જ શકે. સાચું કહ્યું ને?

પ્રતીક પહેલાં આવો નહોતો. બહુ મજાનો અને ખુશ રહેતો છોકરો હતો. અત્યારેય એને જોઈને એવું લાગે નહીં કે એ ખુશ નહીં હોય, પણ મને ખબર છે કે એ કેટલો એકલો છે! જેમ તમને જોઈને પણ કોઈ કહી ના શકે કે...

માણસો કેવી સિફતથી મહોરાં પહેરી લેતા હોય છે, નહીં? મેં પણ ક્યારેક મહોરું પહેરેલું. પછી એક દિવસ...

પણ મારે તો પ્રતીકની વાત કરવાની છે. તમારે તો એના વિશે જાણવું છે ને? મારી વાત કરીશું પછી. હવે તો તમે મને સાંભળી શકો છો એટલે હું તો વાતોનો ખજાનો ખોલ્યા કરીશ. પ્રતીકનો જન્મ આ જ ઘરમાં થયો, પણ

કમનસીબે એની મા હૉસ્પિટલથી પાછી જ ના ફરી. દાદીના કેળવાયેલા હાથ હેઠળ એ ઊછરતો ગયો. દિવસ આખો દાદી સાથે વીતે અને રાત પપ્પા સાથે. બંને બાપદીકરો આ બારી પાસે બેસતા. ત્યારે તો આ બારીનેય દરવાજા હતા. પપ્પા બારી ખોલે અને એમના કાલાઘેલા અવાજોથી બારી બહારનો ખાલી અવકાશ ભરાઈ જાય! પ્રતીક કહ્યા કરે, પપ્પા હવે નવી વાર્તા અને પપ્પા અલગ અલગ વાર્તાઓ ઘડ્યા કરે અને એને સંભળાવ્યા કરે! પછી તો પ્રતીક વાંચતો થયો, વાર્તાની ચોપડીઓ આવતી થઈ. છતાં, રોજ એક વાર્તા તો પપ્પા પાસેથી સાંભળવાની જ!

તમારી પાસેય તમારો દીકરો આમ જ વાર્તા સાંભળવાની જીદ કરે છે ને? એમ ચોંકી ના જાઓ. દરેક પિતાએ જીવનમાં એક વાર ‘એક વાર્તા કહો ને!’વાળું વાક્ય સાંભળ્યું જ હોય! મોટા ભાગના અવગણી નાખે, તમારા જેવા હોંશથી આ વાક્ય પાછળ છુપાયેલી જીદ પૂરી કરે! પ્રતીકના પપ્પા પણ તમારા જેવા જ હોં!

પણ, વાર્તા કહેવા જેવી સામાન્ય જીદ પૂરી કરી શકે એ પિતા બીજી બધી જ જરૂરિયાત પૂરી કરી શકે એવું નથી હોતું. પ્રતીકના પપ્પા પણ મોટા થતા દીકરાની નાની, પણ દીકરા માટે બહુ મહત્ત્વની જરૂરિયાત પૂરી કરવામાં થાકી જતા. માણસ છે, ક્યારેક થાક અકળામણ સ્વરૂપે બહાર આવેય ખરા! હેં ને? અરે, તમે આમ નારાજ ના થઈ જાઓ. તમને કોઈએ કહ્યું છે કે તમારી આંખો બહુ બોલકી છે! પ્રતીક પણ આંખોથી બહુ બોલતો. દાદી ગયાં ત્યારે એની આંખોમાં રહેલો ખાલીપો વધુ ઘેરો બનેલો. પપ્પા પાસે એ પછી બહુ જીદ કરતો નહીં. જે મળે એમાં ચલાવી લેતો. પ્રતીકના પપ્પાએ આ ફેરફાર નોંધેલો, પણ દીકરો પોતાના પપ્પાને સમજવાની કોશિશ કરે છે – આ વાત એ પિતા સમજી નહોતા શક્યા!

પ્રતીક માગણી કરતો નહીં અને એના પપ્પાને થતું – હું એક પિતા તરીકેની ફરજ પૂરી પાડવામાં પાછો પડ્યો છું. મારો દીકરો હવે એકેય વસ્તુ માટે જીદ નથી કરતો! એ મોંઘાં રમકડાં, મોંઘાં કપડાં લાવવા વધુ મહેનત કરતા. પ્રતીકના જન્મદિવસે એના દોસ્તોને મોંઘી હોટેલમાં જમવા લઈ જતા. પ્રતીકની આંખોમાં દેખાતો ખાલીપો વિસ્તરતો જતો હતો અને એમાં પ્રતીકના

પિતાને પોતાની હાર દેખાતી. બારી બહારનું આકાશ પિતા-પુત્રની વાર્તાઓ સાંભળવા આતુર રહેતું, પણ હવે પિતા-પુત્રની ના કહેવાયેલી જરૂરિયાતો પૂરી કરવામાં વ્યસ્ત હતા.

અરે હા, તમે હવે તમારા દીકરાને વાર્તાઓ કહો છો?

જુઓ, ત્યાં સામે જુઓ. પ્રતીક દેખાયો બારીમાં. તમને દેખાય છે એની આંખોમાં સ્થાયી થઈ ગયેલો એકાકીભાવ? એ પણ અહીં જુએ છે, પણ એની નજર એની આસપાસ બનતી ઘટનાઓમાંથી કશું જ નોંધતી નથી. આ પાર્ક, એમાં ચાલતાં, દોડતાં, કસરત કરતાં માણસો, આ પીપળાનું ઝાડ અને એની તરફ જોઈ રહેલી તમારી નજર. એ જુએ છે દૂર. આકાશને પેલે પાર. ખુલ્લી બારીમાંથી બેય હાથ બહાર કાઢી એ કશુંક પકડવા મથે છે, પણ એના હાથમાં આવે છે વીતી ગયેલા સમયના ખાલી ટુકડાઓ.

વીતી ગયેલો સમય બહુ આકરો હતો. પ્રતીકના પપ્પાને તો એવું જ લાગતું હતું કે એ સમય ક્યારેય પૂરો જ નહીં થાય! દીકરાના સારા ભવિષ્ય માટે થઈને મોટું રિસ્ક લીધું હતું. પાસે હતી એ બધી જ જમાપૂંજી એક મિત્રને આપેલી. મિત્રનું કહેવું હતું, એ રોકાણ કરશે અને બમણું પાછું આપશે. બમણું મળવાની લાલચમાં બધું જ હોમી દીધેલું. જ્યારે હકીકતનું ભાન થયું ત્યારે પ્રતીકના પપ્પાના ભાગે છેતરામણીના એ હવનકુંડની રાખ પણ નહોતી આવી. મનથી ભાંગી ગયેલા માણસથી ધંધો પણ ભાંગેલો જ થાય ને? ખોટ વધતી જતી હતી અને સાંજ પડ્યે હાથમાં કશું આવતું નહોતું. એ રોજ સવારે બધું-ઠીક-થશેની આશાએ એ ઘરેથી નીકળતા અને સાંજ પડ્યે કાલે-શું-કરીશું ના પ્રશ્ન સાથે ઘરે પાછા ફરતા. એક સાંજે પ્રતીકના પપ્પા પાસે ‘કાલે શું કરીશું’ના જવાબ ખૂટી પડ્યા.

પ્રશ્નોના જવાબ તો તમારી પાસે પણ ખૂટી ગયા છે ને? તમને પણ થાય છે ને કે હવે બસ! આવતી કાલના દિવસની નિષ્ફળતા સામે લડવા ભાથામાં હવે એકેય હથિયાર બચ્યું જ નથી! પ્રતીકના પપ્પાની ધીરજ પણ ખૂટી. પ્રતીકને પણ એ સાંજ યાદ છે. જમીને પપ્પાએ કહેલું, ચાલ. આજે તો તને એક વાર્તા સંભળાવું. પ્રતીક અવાચક થઈને એમની સામે જોતો રહેલો. બંને બારી પાસે બેઠા. પપ્પાએ વાર્તા કહી, જૂનીપુરાણી. પ્રતીકને ગમતી. બારી

બહારના આકાશમાં પણ સંધ્યાના રંગો ઘડીભર એમની વાતો સાંભળવા એકઠા થયેલા. વાર્તા પૂરી થઈ. પ્રતીક હજુ બારી બહાર જોઈને બેઠો હતો. એને ખબર ના પડી કે ક્યારે એના પપ્પા એની પાસેથી ઊઠીને ગયા, ક્યારે ઘર ખોલીને બહાર ગયા અને ક્યારે દસમા માળની અગાશી પર પહોંચી ગયા.

બારીમાંથી એણે ફક્ત એક બૂમ સાંભળી – પ્રતીક... પપ્પાની બૂમ અગાશીમાંથી આવેલી. બારીના સળિયા પકડીને એણે બહાર જોવાની કોશિશ કરી. એ કશું સમજે એ પહેલાં ઉપરથી એક પડછાયો નીચે પટકાયો. એણે બારીની બહાર હાથ કાઢ્યા અને રાડ પાડી – પપ્પા! 'ધબ્બ.' વર્ષો સુધી લડત આપ્યા પછી પપ્પાને મળેલી નિરાશાનો બોદો જવાબ પ્રતીકના કાનમાં હજુ પણ ક્યારેક પડઘાય છે.

પ્રતીકને હજુ પણ લાગે છે કે તે દિવસે બારીમાં સળિયા ના હોત તો એણે પપ્પાને બચાવી લીધા હોત! સળિયા વિનાની બારી તો હવે એની પાસે છે, પપ્પા ખોવાયા છે. પ્રતીકની નજર રોજ રાતે બારી બહાર એના પપ્પાને શોધે છે. હું રોજ એને બૂમ પાડું છું, પણ મારો અવાજ એના સુધી પહોંચતો જ નથી. પ્રતીક તમારી જેમ મને સાંભળી શકતો હોત તો એને કહી શકાયું હોત...

જે નથી થઈ શક્યું એનો અફસોસ કરવાનું છોડી દેવું પડે એવી મારી સ્થિતિ છે, એટલે પ્રતીકને એક પિતા તરીકે મેં શું કહ્યું હોત એ વાત અત્યારે નહીં કરું. પણ હા, એક પ્રશ્ન જરૂર કરીશ. તમારો દીકરો એના પપ્પાને ખોઈને જીવી શકશે?

•

એ ગયો. એણે સાથે લાવેલી ઝેરની બાટલી મારા કાયમી રહેઠાણ એવા પીપળના ઝાડ નીચે દાટતી વખતે એના હાથ ધ્રૂજતા હતા. એણે બૉટલ દાટીને એક ક્ષણ ઊંચે જોયું. એક પિતાને એની ખોવાયેલી હિંમત પાછી આપવાનું મારું કામ મેં ફરી એક વાર પૂરું કર્યું હતું.

મેં પાર્કમાં નજર દોડાવી. એક સ્ત્રી પેલી બારી સામે જોતી ઊભી હતી. થોડી વાર પછી એ આવીને પીપળના થડને ટેકો દઈને બેસી ગઈ. મેં એક પાન તોડીને એના ખોળામાં ફેંક્યું. એણે ઉપર જોયું. મેં પેલી ખુલ્લી બારીની વાર્તા કહેવી શરૂ કરી, આ વખતે નવાં પાત્ર, નવી ઘટના સાથે.



## બારી

છેલ્લા થોડા દિવસોથી મન ઉદાસ રહે છે. કામ પર જવાનું મન થતું નથી અને ઘરે રહેવાતું નથી. જે કારણથી કોઈ કામમાં ચિત્ત ચોંટતું નથી એ જ કારણને લીધે ઘરના બીજા બે સભ્યો સતત વ્યસ્ત રહે છે. સામેના ઘરે લગ્ન છે અને મીના સતત એની તૈયારીમાં! ક્યારેક તો મન થાય કે કહી દઉં કે આપણી ફ્રેનીનાં લગ્ન નથી તે તું આટલી દોડધામ કરે છે! 'મારે તો જેવી

મારી ફ્રેની એવી જ તમારી શાલુ.' શાલુની મમ્મીને એ કાયમ કહેતી. આવું એ મનેય કહે તો જવાબ આપવો અઘરો થઈ પડે એટલે હું એના ઉત્સાહને જોયા કરું છું.

આજે લગ્ન છે એટલે કામ પતાવીને વહેલું ઘરે આવવું જ પડ્યું. કપડાં બદલીને મેં મારા રૂમની બારી ખોલી. નજર તરત જ સામેના ઘરની બંધ બારી પર ગઈ અને ત્યાં જ જડાઈ ગઈ. લાલ રંગની ચમકીલી લાઇટની ઢગલાબંધ સેરથી આખી બારી ઢંકાઈ ગઈ હતી. લગ્નવાળું ઘર હતું, એટલે ઝગમગાટ તો હોવાનો જ, પણ આખા ઘરમાં આ એક બારી જ અલગ પડતી હતી. બીજો કોઈ દિવસ હોત તો મીનાએ અહીંથી ફ્રેનીના નામની બૂમ પાડી હોત અને સામેની બારીમાંથી શાલુ ડોકાઈ હોત - ' આંટી, ફ્રેની અહીં જમી લેશે. આજે એના ફેવરિટ મસાલા ભાત કર્યા છે.'

પણ, આજની વાત અલગ છે. આજે શાલુનાં લગ્ન છે. મને યાદ છે, અમે જ્યારે આ ઘરમાં રહેવા આવ્યાં ત્યારે ફ્રેની દસમું ભણતી. એ પહેલેથી જ ઓછાબોલી, એમાં નવી સ્કૂલ અને નવી જગ્યાને લીધે એના મોં પર તાળું વસાઈ ગયેલું! રોજ ફ્રેની સાથે વાત કરવા આવી જતી નટખટ શાલુએ એ તાળું બહુ જલદી ખોલી નાખેલું એટલે મીના તો એના પર ઓળઘોળ હતી. ફ્રેનીને એની જ સ્કૂલમાં, એના જ ક્લાસમાં ઍડમિશન મળેલું એટલે બંને ઝડપથી એકબીજા સાથે હળી ગયેલી.

ફ્રેનીને શાલુનું ગજબનું વળગણ! સવારે ઊઠે ત્યારથી શાલુનું નામ એની જીભે રમતું હોય. મીના ક્યારેક મજાકમાં કહેતી, 'તારી મા હું છું, એ શાલુ નહીં! આખો દી શું શાલુના નામની માળા જપ્યા કરે છે!'

'પણ મમ્મા, શાલુ છે જ એવી. બધાને ગમી જાય, હે ને ડૅડી?' ફ્રેની એની વાતમાં મને ખેંચી લાવતી અને હું નિરુત્તર થઈ જતો.

ગમી જાય એવી... ફ્રેનીની આ વાત કેટલી સાચી હતી એનો પરચો તરત જ મળેલો. બારમીમાં ભણતી બંને ત્યારની વાત. ટ્યુશન ક્લાસમાં પણ સાથે જ જાય. એક દિવસ હું કામ પરથી ઘરે આવ્યો તો શેરીમાં કોલાહલ મચ્યો હતો. લોકોના ટોળા વચ્ચેથી રસ્તો કરતો હું આગળ વધ્યો તો જોઉં છું શાલુ

એની ઉંમરના કોઈ છોકરાનો કાંઠલો પકડીને એને જેમતેમ બોલી રહી હતી. એની મમ્મી એને એ છોકરાને છોડી દેવા સમજાવી રહેલી. ફ્રેની મને જોઈને દોડતી આવી. કહે, 'ડૅડી, આ છોકરો ક્લાસ છૂટ્યા ત્યારથી અમારો પીછો કરતો હતો. એણે શાલુનો હાથ પકડી કહ્યું, 'તું મને બહુ ગમે છે!'

ફ્રેની બોલી રહી એ પહેલાં તો હું શાલુ પાસે પહોંચી ગયેલો. શાલુના હાથમાંથી એ છોકરાનો કૉલર છોડાવીને મેં એને ધડાધડ થપ્પડો ઝીંકી દીધેલી. મીના દોડીને આવીને વચ્ચે ન પડી હોત તો...

શાલુને એની મમ્મી હાથ પકડીને ઘરમાં લઈ ગઈ ત્યારે એ પાછળ ફરીને મારી સામું જોઈ રહી હતી. એની એ નજરનો સામનો કરવાની મારામાં હિંમત જ નહોતી!

જવાબ આપવાની હિંમત તો ત્યારેય નહોતી થઈ જ્યારે ફ્રેનીએ જીદ કરીને અમારું ઘર પણ સજાવેલું. મને કહે - 'શાલુનાં મૅરેજ છે ડૅડી! એટલે આપણું ઘર પણ સજાવવું જ જોઈએ ને? હું અને એ જુદાં છીએ?'

હું શું બોલું? એ અને શાલુ - બંને જુદાં તો ખરાં જ ને!

પણ એ ફ્રેનીને કેમ કહી શકાય? કોઈનેય ક્યાં કહી શકાયું હતું મારાથી?

આ અંદર અંદર ઘૂંટાયા કરતી ઘટનાનો છેડો પકડી મન પહોંચ્યું છેક સાત વર્ષ પહેલાંના સમયમાં. આ ઘર લીધું એના ત્રણેક મહિના પછીની જ વાત. મને સિગારેટ પીવાની આદત તો હતી જ, પણ થોડા વખતથી દારૂ પીવાની ટેવ પડેલી. જોકે એ આદત હું હજી ઘર સુધી લાવ્યો નહોતો.

ત્યાં એક દિવસ મીનાને અચાનક એના પિયર જવાનું થયું. ફ્રેનીય સાથે ગઈ. બે દિવસ હું ઘરે એકલો જ હતો તો પીવાનું મન થઈ ગયું. દોસ્તને કહીને સ્કૉચની બૉટલની વ્યવસ્થા કરી. ત્રણ-ચાર પેગ લગાવ્યા જ હતા ત્યાં પાછળથી કોઈનો અવાજ સંભળાયો.

'તમે આ શું કરો છો!?'

મેં પાછળ ફરી જોયું તો ઘૂંટણ સુધીનું ફ્રૉક પહેરીને ઊભેલી શાલુ દેખાઈ! હું ઘરની પાછળ આવેલી ડેલી બંધ કરવી ભૂલી ગયેલો.

‘ફ્રેની ઘરમાં નથી. તું જા અહીંથી.’ મેં અવાજ પર કાબૂ રાખતાં કહ્યું.

એણે મારી સામે જોયું. મારી લાલઘૂમ આંખો અને વેરવિખેર વાળ જોઈને એ અબઘડી ભાગી જશે એવું મેં ધારેલું, પણ એ તો મારી પાસે આવી રહી હતી!

‘કહ્યું ને, તું જા.’ મેં અવાજમાં બને એટલી કડકાઈ ઉમેરીને કહ્યું.

‘તમે સિગારેટ પીઓ છો એ તો ખબર છે, હવે શરાબ પણ?’

‘સા....’ મેં એને મનમાં જ ગાળ આપી. મારી પત્નીનીય હિંમત નથી થતી મને આવું પૂછવાની અને આ?

‘તમે શરાબ પીવાનું છોડી દો.’ શાલુ મારી સામેની ખુરશીમાં બેસી ગઈ.

‘તું કોણ મને કંઈ કહેવાવાળી?’ ગુસ્સામાં મારો હાથ ઊંચો થઈ ગયો.

‘તમે નહીં માનો ને? સારું. આજે તો હુંય તમારી સાથે જ....’ કહેતાં એણે મારો ગ્લાસ ઉપાડ્યો ને મોઢે માંડ્યો! મેં તરત જ એના હાથમાંથી ગ્લાસ ઝૂંટવી લઈને નીચે ફેંક્યો.

‘કંઈ ભાન પડે છે તને? આ ઉંમરે શરાબ?’

‘તમારીય ઉંમર નથી શરાબ પીવાની, સમજ્યા?’

10મું ભણતી શાલુ આ શું બોલી ગઈ? હું તો એ છોકરીની હિંમત જોઈને છક!

‘પ્રૉમિસ મી. હવેથી ક્યારેય શરાબને હાથ નહીં લગાવો. ચાલો.’ એણે પોતાનો હાથ આગળ કર્યો.

હું શું કરવું શું નહીંની અવઢવમાં એમ જ ઊભો રહ્યો. એણે મારો હાથ પકડીને એના હાથમાં મૂક્યો. એની હથેળીનો એ સુંવાળો સ્પર્શ.... માંડ મન પર કાબૂ રાખી મેં કહ્યું, ‘લઈ લીધું પ્રૉમિસ? હવે જા અહીંથી છોકરી.’ મેં એનો હાથ છોડાવીને એને જવાનો ઇશારો કર્યો.

એ હસી. ઝરણા જેવું, ખળખળ. એની આંખો, એના હોઠ, એનો નમણો સુરેખ ચહેરો, પાતળી ગરદન અને એના જમણા ખૂણે સહેજ નીચે રહેલો તલ.....ના ના! મેં પરાણે મારા મનને વાળ્યું. એના પરથી નજર ખસેડી હું

જવા માટે ઊભો થયો. અચાનક જ શાલુ આગળ વધી અને મને વળગી પડી!

'થૅન્ક યુ સુહાસ. તમે મારી વાત માની.' એણે મારા ફરતેની ભીંસ વધારી. એના ગરમ શ્વાસ મારી ગરદન પર અથડાયા. મારો રહ્યોસહ્યો નશો ઊતરી ગયો. મેં એને બાથમાં ભરી. એની નાજુક કમર પર હાથ ફેરવતાં મેં એને વધુ નજીક ખેંચી. બંધ આંખે એણે કહ્યું,

'આઇ લવ યુ. તમે મને બહુ ગમો છો.'

હું ક્ષણભર એને જોઈ રહ્યો. મને સુહાસ કહીને બોલાવનારી શાલુ આજે મને તેની સાથેના એક નવા જ સંબંધ તરફ આકર્ષી રહી હતી અને હું એ આકર્ષણમાં ડૂબી જવા આતુર થઈ રહ્યો હતો. એનું મોટું કપાળ, બંધ આંખો, સૂકા હોઠ... મારું ગળું સુકાવા લાગ્યું. હાથમાં પરસેવો વળી ગયો. મેં એકઝાટકે એને અળગી કરી.

'શાલુ, તું જા. અત્યારે જ.' પીઠ ફેરવી હું ત્યાંથી નીકળી ગયો. રૂમમાં જઈને મેં દરવાજો બંધ કર્યો.

•

'ડૅડી... જલદી કરો. મોડું થાય છે..' ફ્રેનીના અવાજથી મારી તંદ્રા તૂટી. એ જોરથી મારા બેડરૂમનો દરવાજો ખખડાવી રહી હતી. મેં ઊભા થઈને દરવાજો ખોલ્યો.

'તમે હજુ તૈયાર નથી થયા? જલદી કરો ને!'

'તું જા. હું આવું છું હમણાં.'

'આ જુઓ કંકોતરી. સાત વાગ્યાનો ટાઇમ છે, પણ આપણે તો વહેલાં પહોંચી જવું પડે ને? મોડું ન કરતા, પ્લીઝ.'

મારા હાથમાં કંકોતરી પકડાવી એ ગઈ. મેં કંકોતરી જોઈ. શાલુ વેડ્સ... મારાથી આગળ વાંચી ન શકાયું. તે દિવસે શાલુ ગઈ પછી તરત જ મેં મીના અને ફ્રેનીને મારી ખરાબ તબિયતનું બહાનું કરીને બોલાવી લીધેલાં. હતું, એ લોકો હશે તો હું મારા મન પર કાબૂ રાખી શકીશ. પણ એ તો રહી રહીને પેલી ઘટના વાગોળ્યા કરતું. શાલુનો ચહેરો આંખ સામે આવ્યા કરે અને હું

અસ્તવ્યસ્ત થઈ જાઉં. એના હોઠ, એની ગરદન પરનો પેલો તલ, એના ગરમ શ્વાસ... શરીર ફરી ફરી એની એ ભીંસ અનુભવવા તરસી જતું. શાલુય એ દિવસ પછી ઘરે વધુ આવતી. કશા જ કામ વિના મારા રૂમમાં આવી જાય ને 'સુહાસ'-નો ટહુકો કરી જતી રહે. એના ગયા પછી રૂમમાં એનો અવાજ ગુંજ્યા કરે ને હું અકળાયા કરું. મીના પાસે મારી આ બેચેનીનો ઉપાય શોધવાની કોશિશ પણ નિષ્ફળ ગયેલી.

'તમને અચાનક થયું છે શું? આટલો આવેગ?' મીના એ પછી દૂર રહેતી અને હું તરફડ્યા કરતો.

શાલુની ઉંમર જોતાં એનું મારા પ્રત્યેનું આકર્ષણ ધીરે ધીરે ઘટી જશે એમ હું માનતો, પણ એક દિવસ ફેનીની વાતોમાં મારો ઉલ્લેખ સાંભળી હું ચમક્યો.

'મમ્મા, શાલુ આજે કહેતી હતી કે તારા ડૅડી કેટલા હૅન્ડસમ દેખાય છે! મેંય કહ્યું કે હા, માય ડૅડી ઇઝ ધ કૂલેસ્ટ વન.'

'તું માનીશ મમ્મા, શાલુને ડૅડી સ્મોક કરે એ બહુ ગમે છે. મેં તો આ સાંભળી કહ્યું, એની કેવી ગંદી સ્મેલ આવે. તો શાલુ કહે, એ સ્મેલ મને બહુ ગમે.'

શાલુનો મારા માટેનો લગાવ વધતો જતો હતો અને એના માટે મારા તરફથી થતા પ્રયત્નો તો સાવ શૂન્ય જ હતા. તે દિવસે એની સાથે વધુ કડકાઈથી વર્તન કરવું જોઈતું હતું? – જેવો આ વિચાર કરતો એવી એ મારી સામે આવી જતી. આંખો ઉલાળતી. મીઠું હસતી. હાથ ફેલાવી મને બોલાવતી. હું એના એ બાહુપાશમાં સમાઈ જવા તડપતો.

દિવસો વીતતા જતા હતા અને શાલુ માટેનો મારો તરફડાટ વધતો જતો હતો. એનાથી બચવા હું ઘરે ઓછું રહેતો. રાતે મોડો આવતો, પણ રાતના ગમે તેટલા વાગ્યા હોય, શાલુ મને એના ઘરના દરવાજે ઊભેલી જોવા મળતી. મને જોઈને એની આંખો હસી પડતી. રાતે સૂતી વખતે રૂમની બારી ખોલું તો એ સામેની બારીમાં બેસેલી જોવા મળે! મને જોઈને ફ્લાઇંગ કિસ આપે. એની આ બધી હરકતોથી હું પરેશાન છું એવું જતાવતો પણ મનમાં હું ખુશ થતો. એનું મને આમ સતત અટેન્શન આપવું - ગમવા લાગ્યું હતું.

અમારો આ સંબંધ ક્યાં જઈને અટકશે એવો વિચાર પણ આવવો હવે તો બંધ થઈ ગયો હતો.

એક દિવસ સવારના સમયે હું મારા રૂમમાં હતો ને એ આવી. એણે ઘેરા લાલ રંગનું ઑફ શોલ્ડર શૉર્ટ ફ્રૉક પહેરેલું અને ચહેરા પર કદાચ હળવો મેકઅપ કરેલો. મારી સિગારેટ એમનેમ હાથમાં જ રહી ગયેલી ને હું એને જોતો રહી ગયેલો! મને આમ બાઘાની જેમ ઊભેલો જોઈને એ મારી સાવ પાસે આવી. મારા પંજા પર પોતાના પગ રાખ્યા. એડી પર ઊંચી થઈને મારા મોં પાસે આવીને ઊંડો શ્વાસ લીધો અને કહ્યું,

'સુહાસ...'

ઘણા દિવસે મારું નામ એના મોઢે સાંભળ્યું!

'હું કેવી લાગુ છું એ નહીં કહો.' એ ગોળ ફરીને થોડી દૂર જઈને ઊભી રહી. એનું ફ્રૉક ઘણું ટૂંકુ હતું. મારી નજર એના શરીર પર ફરવા લાગી. એના ગાલ, હોઠ, ગરદન પરનો એ તલ, છાતી, કમર, સાથળ, લાંબા ગોરા પગ...

'શું જુઓ છો?' એણે કહ્યું ને મારી નજર એના ખુલ્લા ખભા પર ગઈ. એનું ખભા પરનું ફ્રૉક નીચે સરકી ગયું અને...

'શાલુ, ક્યાં છે તું?' ફ્રેનીનો અવાજ આવ્યો. શાલુ 'એ આવી....' કરતી રૂમની બહાર ગઈ. જતાં જતાં એણે મારી સામું જોયું. જાણે કહેતી હોય, 'હું જાણું છું તમારા મનમાં શું છે એ!'

મારા મનમાં એનું નામ પડઘાઈ રહ્યું હતું. ઘડીમાં શાલુ પેલું ટૂંકુ ફ્રૉક પહેરી મારી સામે આવતી તો ઘડીમાં એનું ઉઘાડું શરીર દેખાતું. હું તરસી આંખે એના ગોરા અંગના વળાંકો જોઈ રહેતો. એય મને સતાવવા માગતી હોય એમ ક્યારેક મારી સાવ પાસે આવતી અને ક્યારેક દૂર જતી રહેતી. એનું એ તોફાની હાસ્ય, એની એ મારકણી અદા... ખબર નહીં કેટલી વાર સુધી મારું મન શાલુની આવી હરકતો સાથે રમતું રહેલું! 'ઓહ શાલુ... શાલુ.' મને મારો જ અવાજ સંભળાયો ત્યારે જોયું તો મારા હાથમાં રહેલો કાગળ શાલુના નામથી ભરાઈ ગયો હતો!

કૉલેજનું છેલ્લું વર્ષ હતું. ફ્રેની મીના સાથે એના મામાને ત્યાં ગયેલી.

શાલુએ મારા માટે જમવાનું એના ઘરથી જ આવશે - એવી જીદ કરીને એનાં મીનાઆન્ટીને ચિંતામુક્ત કરી દીધેલાં. હું બને એટલું ઘરે રહેવાનું ટાળતો. શાલુ ઘરે ન આવે એટલા માટે હું જ એને ત્યાં જઈને મારું ટિફિન લઈ આવતો, પણ એ થોડી મિનિટોનો એની સાથેનો મેળાપ મને આખી રાત પજવ્યા કરતો. મારા રૂમની બારી પણ હવે કાયમ બંધ જ રહેતી. શાલુના ચહેરા પર મારા આ બદલાયેલા વર્તનની અસર દેખાતી. હુંય ખુશ નહોતો પણ એના સિવાય બીજો કોઈ રસ્તો મને દેખાતો નહોતો.

શાલુ ધીરે ધીરે મારા આકર્ષણમાંથી બહાર આવી જશે એવી ધરપત મને થઈ જ હતી ત્યાં એક દિવસ એ આવી. રાતના દસ વાગ્યા હતા.

'તમને આ ચિઠ્ઠી આપવી હતી.' આટલું કહી એ મારા હાથમાં કાગળ પકડાવી ચાલી ગઈ.

*'સુહાસ,*

*આઇ લવ યુ. તમારું નામ લખું છું ત્યારે માય હાર્ટ બિટ્સ વેરી ફાસ્ટ. તમને પહેલી વાર જોયા ત્યારે જ તમે મને બહુ ગમી ગયેલા. ત્યારે તો ખબર પણ નહોતી કે તમે પરણેલા છો. એક દીકરી પણ છે! પણ પ્રેમ તો થઈ જાય, નહીં? ફ્રેની સાથેની મારી ફાસ્ટ ફ્રેન્ડશિપનું એક કારણ તમે જ છો. મને ખબર છે તમે પણ મને પસંદ કરો છો, પણ કશું કહેતા નથી. યાદ છે, મને કોઈ છોકરો પજવતો હતો એ જાણી તમે તરત જ એને થપ્પડ લગાવી દીધેલી? બધાની સામે તમે ભલે કંઈ ન કહ્યું, પણ તમારી આંખોમાં મેં મારા માટેની કાળજી જોઈ લીધેલી!*

*તે દિવસે તમને શરાબ પીતા જોઈને ખબર નહીં કયા હકથી મેં તમને શરાબ છોડી દેવા કહેલું! અને તમે મારી વાત માની! ધૅટ મીન્સ યુ ટુ લવ મી! હે ને? સુહાસ, પ્લીઝ. ટૉક ટુ મી. એક સ્માઇલ તો આપી જ શકો ને? હું ફ્રેનીને અને મીનાઆન્ટીને પણ સમજાવી લઈશ. આપણે બધાં સાથે રહી શકીશું.*

*તમારી, શાલુ.'*

●

' શું વિચારો છો? લગ્નમાં નથી જવું? ' મીનાએ આવીને મારા ખભે હાથ મૂક્યો. મેં એની સામે જોયું. રામ જાણે એણે મારી આંખોમાં શું વાંચ્યું હશે, એ મારો હાથ પકડીને મારી બાજુમાં બેસી ગઈ.

'સુહાસ, દીકરીઓ તો એક દિવસ પારકે ઘરે જવાની જ ને? આપણી ફ્રેની પણ એક દિવસ....' હું એનો હાથ છોડાવી ઊભો થઈ ગયો.

'ચાલો. જલદી તૈયાર થઈ જાઓ. ફ્રેનીએ ખાસ તમારા માટે આ સૂટ સીવડાવ્યો છે.'

'શાલુને લગ્નમાં આપવા માટે શું લીધું છે?'

'તમે ભૂલી ગયા? સોનાનો સેટ લીધો છે. તમે જ તો પસંદ કરેલો. ફ્રેની અને શાલુ કંઈ જુદી થોડી છે?'

મેં એની વાતનો જવાબ આપવાનું માંડી વાળ્યું. તૈયાર થતી વખતે મારા મનમાં એક જ ઘટના વારેવારે ભજવાઈ રહેલી.

શાલુનો પત્ર વાંચ્યા પછીની સાંજ હતી. મેં ઘણા દિવસે મારા રૂમની બારી ખોલેલી. શાલુ રાહ જોઈને જ બેઠી હતી. મને જોઈને એના મોં પર પહેલાંના જેવું ખુશહાલ સ્મિત આવી ગયું. ઇશારાથી એણે મને થૅન્ક યુ કહ્યું. મન મક્કમ કરીને મેં એને દેખાય એ રીતે સ્કૉચની બૉટલ કાઢી. ગ્લાસ ભર્યો અને એની સામે એક જ ઘૂંટમાં ખાલી કરી ગયો. એ ફાટી આંખે જોતી રહી. હું એક પછી એક ગ્લાસ ખાલી કરતો રહ્યો અને એ મને જોતી રહી. અચાનક એ ઊભી થઈ. બારી બંધ કરતાં પહેલાં એણે એક વાર મારી સામું જોયું. મને એની ભીની આંખોમાં મારા પર મૂકેલા વિશ્વાસની તૂટી ગયેલી કરચો દેખાયેલી.

'ડૅડી, જલદી કરો. મોડું થાય છે.' ફ્રેની ફરીથી બોલાવતી હતી. શાલુના ઘરની બંધ બારી તરફ નજર નાખી હું નીકળી ગયો. મારા રૂમની બારી હવે મારે બંધ કરવાની જરૂર નહોતી રહી.



# ટેરવાં

શહેર પર તૂટી પડવાના હોય એમ એકમેક પર ચડીને તાકીને બેઠેલા કાળાંડિબાંગ વાદળોથી આખું આકાશ ઘેરાઈ ગયું હતું. આકૃતિને પોતાની ઉપર ઝળૂંબી રહેલા આકાશને જોઈને અકળામણ થઈ આવી. આ વાદળો હમણાં ને હમણાં વરસી પડે તો? એને લાગ્યું, જાણે વાદળોમાંથી વરસતાં ટીપાં ફક્ત એને અડવા માટે જ વરસી રહ્યાં હોય અને એ એનાથી બચવા

આમતેમ હવાતિયાં મારી રહી હોય! પણ જ્યારે બચાવની એકેય જગ્યા ના મળે ત્યારે? ઉપર ગોરંભાયેલું આકાશ અને નીચે એ! આકૃતિને થયું, ઠંડા પાણીનાં ટીપાં કોઈ તીક્ષ્ણ તીરની માફક એના આખાય શરીરને વીંધીને આરપાર નીકળી રહ્યાં હોય અને એ પોતાના અસ્તિત્વને ચિરાતું જોઈ રહી હોય!

'પ્લીઝ, મારાથી દૂર રહો.' આંખ બંધ કરીને આકૃતિએ ચીસ પાડી. થોડી સેકન્ડ માટે આસપાસનો કોલાહલ શાંત થઈ ગયો. એણે આંખ ખોલી. વાદળો હજીય ઉપરથી ત્રાટક કરી રહ્યાં હતાં. એણે માથું હલાવી થોડી ક્ષણો પહેલાં આવેલા વિચારને ખંખેરવાનો પ્રયત્ન કર્યો. સામેના મેદાનમાં હારબંધ ગોઠવાયેલી લારીઓ પર શાકભાજી સજાવી રહેલા ફેરિયાઓ દેખાયા. માર્કેટ ખૂલવાનો સમય નહોતો થયો એટલે હજુ માણસોની અવરજવર ઓછી હતી. ભીડ વધે એ પહેલાં શાકભાજી લઈને નીકળી જવું જોઈએ એમ વિચારતી આકૃતિ શાકમાર્કેટ તરફ આગળ વધી. એની નજર સામેની તરફ હતી એટલે રોડ ક્રૉસ કરતી વખતે ધ્યાન ન રહ્યું અને ડાબી બાજુથી આવતા બાઇકસવાર સાથે એ અથડાઈ ગઈ. પેલાએ જોરથી બ્રેક મારી એમાં બીકની મારી એ નીચે ફસડાઈ પડી. માણસો ભેગા થઈ ગયા. આકૃતિ પોતાના પગને હાથથી પસવારતી ઊભી થવાની કોશિશ કરી રહી હતી ત્યાં કોઈએ એનો હાથ પકડ્યો. એકસામટા હજાર વીંછીએ ડંખ માર્યા હોય એવી ચીસ પાડી એ ઊભી થઈ ગઈ.

'ડોન્ટ ટચ મી. પ્લીઝ. મને ન અડો. દૂર રહો મારાથી.' આકૃતિએ એને ઘેરી વળેલા માણસો સામે જોયું. અલગ અલગ ઉંમરનાં સ્ત્રીપુરુષો. પોતે જાણે સરકસમાં ખેલ કરતું કોઈ અજાયબ પ્રાણી હોય એમ એ લોકો એને જોઈ રહેલા. અચાનક એ બધાના હાથ લંબાયા. આકૃતિને થયું, આ લંબાયેલા હાથ હમણાં એના આખા શરીર પર ફરી વળશે અને...

એ ભાગી. ટોળાથી દૂર, માણસોથી દૂર, કોઈ પણ માનવીય સ્પર્શથી દૂર. કઈ દિશામાં કેટલું દોડી હશે - શું ખબર? શ્વાસ ચડવા લાગ્યો ત્યારે થોડી વાર રોકાઈને એણે આજુબાજુ નજર દોડાવી. નાનો એવો પાર્ક દેખાયો. થાકેલા લથડતા પગે ચાલીને એ પાર્કમાં છેક છેલ્લે આવેલા બાંકડા સુધી

ગઈ અને ત્યાં બેસી પડી. ચંપલ કાઢીને પગ ઉપર ચડાવ્યા ત્યારે ધ્યાન ગયું કે સામેના બાંકડે કોઈ બેઠું છે. એણે તરત જ સાડીથી બંને પગના પંજાને ઢાંક્યા. પાલવનો છેડો ખભે વીંટાળ્યો અને બંને પગને ઘૂંટણથી વાળી બેસી રહી. થાક લાગતો હતો. છાતી ધમણ માફક ઉપરનીચે થતી હતી. પોતાના જ ગરમ શ્વાસને એ અનુભવી રહી હતી. પરસેવાની તીવ્ર ગંધ અને એમાં ભળતી શ્વાસની ગરમી. એને આ અનુભવ ગમ્યો. છેલ્લા અઠવાડિયાથી મન પર કબજો જમાવી બેઠેલા પેલા બીજા અનુભવની સરખામણીએ તો ખરો જ!

શ્વાસની ગતિ સાધારણ થઈ એટલે આકૃતિનું મન ફરી વિચારે ચડ્યું. શાકમાર્કેટમાં જે કંઈ બન્યું એ સહજ નહોતું. છેલ્લા અઠવાડિયાથી આમ પણ એની સાથે જે બની રહ્યું હતું એ ક્યાં કોઈનીય સમજમાં આવે એવું હતું? ધીરે ધીરે એ પોતે એક એવા કોચડામાં અંદર ને અંદર ખૂંપી રહી હતી જેમાંથી બહાર નીકળવાનો એકેય માર્ગ દેખાતો નહોતો.

'ગાંડી થઈ છે કે શું? આવું તે કંઈ હોતું હશે?' રાજને જ્યારે અચકાતાં અચકાતાં વાત કરેલી ત્યારે એણે વાતની ગંભીરતા સમજવાને બદલે આવો ઉડાઉ જવાબ આપેલો. એ પછી તો જ્યારે તક મળે ત્યારે 'સૉરી હોં. ભૂલથી તને 'ટચ' કરી લીધું. તારી ફૂલ જેવી કોમળ ચામડી તરડાઈ તો નથી ગઈ ને?'થી લઈને 'નકામી વેવલાઈ છે આ! પોતાના જ પતિનો સ્પર્શ ન ગમે, સાંભળ્યું છે આવું ક્યાંય?'નાં મહેણાં મારતો રહેતો.

આકૃતિએ માથું ઊંચું કરી ઊંડો શ્વાસ લીધો. હનીમૂનનો માદક કેફ ઊતર્યો અને લગ્નજીવન શરૂ થયું એ પછી તરત જ એને ડગલે ને પગલે રાજના આ 'પતિ' તરીકેના રોલનો પરચો મળ્યા કરતો. અક્કુ - સિમલાના કૉટેજમાં પ્રેમથી કરાતું સંબોધન મહિના બે મહિનામાં તો 'જાડી'માં બદલાઈ ગયેલું! પહેલી વાર તો આકૃતિ આઘાતથી રાજની સામે જ જોઈ રહેલી.

'આમ શું જુએ છે? જાડી છે તો જાડી કહું છું ને? તારી કમરનો ઘેરાવો જો.'

રાજના એક મિત્રને ત્યાં જમવાનું આમંત્રણ હતું. આકૃતિ બ્લૂ કલરનો સ્લીવલેસ ડ્રેસ પહેરીને રાજની રાહ જોઈને બેસેલી. રાજનો ફેવરીટ કલર. આવતાંવેંત એણે કહેલું – 'આ શું પહેર્યું છે? તારાં બાવડાં જો આમાં? છે

એનાથીય વધુ જાડી લાગે છે! તું યાર સાડી જ પહેર. મારા દોસ્ત આગળ મારી સહેજ તો ઇજ્જત રહે!’

તે દિવસે રાતે આણામાં હોંશથી લાવેલા ડ્રેસનું પોટલું વાળીને મૂકતી વખતે આકૃતિને થયેલું, પોતાનો એક હિસ્સોય એણે પોતાના હાથે જ પોટલામાં છેક નીચે દબાવી દીધો છે. દિવસે વાતવાતમાં રાજ તરફથી આવતી શારીરિક ટિપ્પણીઓ અને રાતે એ જ જાડા, ભદ્દા શરીર સાથે પ્રેમના નામે ખેલાતી રમત – આકૃતિના ધ્યાન બહાર જ એનું ઘવાયેલું મન પેલાં પોટલાં પર એક પછી એક ગાંઠો માર્યે જતું હતું. રાતના અંધકારમાં રાજની આંગળીઓ પર ઊગી નીકળતા શબ્દોના કાંટાથી એ વીંધાતી રહેતી. મન પર પડેલો ઘાવ રાજના સ્પર્શથી વધુ ને વધુ ઊંડો થતો ગયેલો.

પણ હમણાથી જે થતું હતું એ અલગ હતું. આકૃતિને ખબર હતી કે અહીં વાત ફક્ત સ્પર્શની હતી. કોઈ ચોક્કસ વ્યક્તિના સ્પર્શની નહીં. આકૃતિનું મન કોઈ પણ વ્યક્તિના સ્પર્શને નકારવા લાગ્યું હતું. સૌથી પહેલો નકાર રાજ માટે જ આવેલો. અચાનક, અણધાર્યો, પણ એકદમ તીવ્ર. અવગણી જ ન શકાય એટલો દૃઢ. એવું નહોતું કે પહેલી વાર આકૃતિને ના કહેવાનું મન થયેલું! આ પહેલાંય આવું મન ઘણી વાર થયેલું. બિઝનેસમાં અચાનક થયેલો નફો હોય કે કશા જ કારણ વિના પોતાની ખુશી વ્યક્ત કરવાની વાત હોય, રાજ ઘરે આવીને આંખ મીંચકારીને કહેતો – ‘આજે સેલિબ્રેશન પાક્કું હોં!’ આકૃતિને ક્યારેક કહેવાનું મન થઈ જતું કે આજે નહીં, પણ રાજની ખુશી સામે એના મનનો આ નકાર ક્યાંય દબાઈ જતો.

પણ તે દિવસે એવું ન થયું, ન થઈ શક્યું. રાજની બોલકી આંગળીઓના અછડતા સ્પર્શે જ એના શરીરમાંથી અણગમાની એવી તીવ્ર લહેર ઊઠેલી કે એની વિરુદ્ધમાં એ એક ડગલુંય આગળ વધી શકે એમ નહોતી! ‘હોય એ તો. પતિ છે એ તારો. આટલો હક તો જતાવે ને?’ અત્યાર સુધી મનને માનવવા કરેલી દલીલોને પેલો મોં ફાડીને ઊભેલો નકાર ક્યારે ઓહિયાં કરી ગયો એની સૂધ જ નહોતી રહી! રાજની શારીરિક ટિપ્પણીઓથી ઘવાયેલું એનું મન હવે વિદ્રોહ પર ઊતરી આવ્યું હતું. એનું શરીર રાજનો તો શું, કોઈનોય સ્પર્શ સહન કરી શકે એમ નહોતું! રાજની આંખોમાં આંખ પરોવી,

સ્પષ્ટ રીતે 'આજે નહીં' આવું કહેવાની હિંમત ક્યાંથી આવી એની આકૃતિને ખબર જ નહોતી પડી!

આટલું સ્પષ્ટ કહ્યા પછીય વળગવા આવેલા રાજને મક્કમતાથી ના કહીને રૂમની બહાર જતા રહેવાની હિંમત પણ કદાચ પેલા સ્પર્શના નકારને લીધે જ આવી હશે!

'ના પાડે છે? મને? તને શું લાગે હું તારી પાછળ લાળ ટપકાવતો આવીશ?'

તે દિવસે જોરથી બંધ થયેલાં બારણાં પાછળથી સંભળાયેલા રાજના ત્રુટક શબ્દોએ આજે ફરી એક વાર આકૃતિને ઘેરી લીધી. રાજ સાથેના સહજીવનના ખટમીઠા સમય પર એ શબ્દોએ કડવાશનો પીંછડો ફેરવી દીધેલો. દિવસો વીતતા ગયા એમ એ કડવાશ વધુ ને વધુ ઘાટી થતી ગયેલી. સ્પર્શ માટેનો અણગમો એ ઘટના પછી વધતો જ ગયેલો. આકૃતિને લાગતું જાણે એનું મન એના શરીરની આસપાસ એક એવું અદૃશ્ય આવરણ બનાવી રહ્યું છે, જેમાં બહારના કોઈનેય પ્રવેશવાની મનાઈ છે! કામવાળી બાઈ સાથે પૈસાની લેવડદેવડ કરવાની હોય કે સાંજે દૂધવાળા પાસેથી દૂધની થેલી લેવાની હોય, એ સતત સાવધ રહેતી કે કોઈનો અછડતો સ્પર્શ પણ પેલા આવરણને ભેદીને એના શરીર સુધી ન પહોંચી જાય! ભૂલમાંય જો એવું થયું તો એ એટલી વ્યાકુળ થઈ જતી કે પછી ઘરનું એકેય કામ એનાથી થતું નહીં! મન સતત પેલા અજાણતાં થયેલા સ્પર્શની આસપાસ ફર્યા કરતું. નફરત થઈ જતી પોતાના જ શરીરના એ અંગ માટે જેને કોઈ બીજાએ સહેજ અડકી લીધું હોય! રાજનું સામે હોવું પણ આકૃતિને બેચેન કરી મૂકતું. એ ફફડી ઊઠતી કે હમણાં એ આવીને બાથમાં ભરી લેશે, અને પોતે કંઈ જ નહીં કરી શકે! અથવા તો એવું કરશે જેની પોતાને કે રાજને કલ્પના પણ નહીં હોય!

એને ખુદનેય કલ્પના નહોતી કે આજે આમ કોઈના મદદના ઇરાદે કરાયેલા સ્પર્શથીય વિચલિત થઈ જવાશે! ઘરથી બહાર નીકળવાની હિંમત કરી અને તમાશો કરી બેઠી! એકાએક એને ભાન થયું કે એ ક્યારની પાર્કમાં બેઠી છે.

આકૃતિએ આજુબાજુ જોયું. સામેનો બાંકડો હવે ખાલી હતો. એને હાશ થઈ. એ ઊભી થવા જતી હતી ત્યાં જ એની નજર બાજુમાં પડેલી સ્કેચબુક

પર ગઈ. એણે ફરી એક વાર પાર્કમાં નજર દોડાવી. કોઈ હતું નહીં. એણે એ પુસ્તક ખોલીને જોયું. પહેલા જ પાને એનું પોતાનું ચિત્ર! પેન્સિલથી દોરેલી પોતાની જ પ્રતિકૃતિ! આકૃતિ ઘડીભર એ ચિત્રને જોઈ રહી. પોતાને પહેલી જ વાર જોઈ રહી હોય એવા વિસ્મયથી એણે એ ચિત્રને ધારી ધારીને જોયા કર્યું. નીચે, સાવ ખૂણામાં લખેલું હતું - ટુ ધ મોસ્ટ બ્યુટિફુલ વુમન. ફ્રૉમ - અ ફ્રેન્ડ. નામ નહોતું. એક નંબર લખેલો હતો. આકૃતિને કંઈ સમજાઈ નહોતું રહ્યું પણ રહી રહીને એનું મન ચિત્ર જોવા લલચાઈ રહ્યું હતું.

ધ મોસ્ટ બ્યુટિફુલ વુમન - હમણાં જ વાંચેલા આ શબ્દોની ધ્વનિ મન સુધી પહોંચે એ પહેલાં બીજો એક શબ્દ પડઘાયો.

'જાડી.'

એણે ફરી વાર ચિત્ર જોયું. ફૂલેલાં બાવડાં, કમરનો ઘેરાવો, જાડા પગ – આમાંનું કશું જ એ ચિત્રમાં દેખાતું નહોતું. ગોઠણ પર બંને હાથની આંગળીઓ ભેરવીને એ બેઠી છે એવું ચિત્ર હતું. લાંબી, પાતળી આંગળીઓ, કાંડા પર બેત્રણ બંગડી અને પોણો હાથ ઢંકાઈ જાય એટલી બાંયનું બ્લાઉઝ. કોણીથી ઉપર સુધીના હાથ એણે ધ્યાનથી જોયા. રાજ કહેતો એટલા ફૂલેલા નહોતા લાગતા. ચિત્રકારે એટલી કારીગરીથી એ ચિત્ર બનાવ્યું હતું કે ચિત્ર જોઈને કોઈ પણ કહી બેસે – બ્યુટિફુલ!

આકૃતિને પહેલી વાર થયું કે રાજ કહે છે એટલીય જાડી એ નથી. એ સવાર-સાંજ નિયમિત રીતે ચાલવા જતી. ઘરનાં બધાં કામ જાતે જ કરતી. છતાં, રાજની એના શરીરના બાંધા માટેની ફરિયાદ ઓછી ન થતી. શરૂમાં મન બહુ વીંધાતું, પછી આદત પડી ગયેલી. આજે ઘણા સમય પછી કોઈ સાવ જ અજાણ્યા પાસેથી પોતાના શરીરનાં વખાણ સાંભળીને એ ખુશ થઈ. રાજની શારીરિક ટિપ્પણીઓથી સંકોચાઈને રહી ગયેલું એનું વ્યક્તિત્વ આજે આળસ મરડીને ઊભું થતું હોય એવો અનુભવ થયો. ખભે વીંટાળેલો સાડીનો છેડો ખુલ્લો મૂકી એ ચિત્રને જોઈ રહી.

એની આંગળીઓ એના ધ્યાન બહાર ચિત્ર પર ફરવા લાગી. પોતાની જ સુંદરતાને આજે એ નવેસરથી અનુભવી રહી હતી. દૂર ક્ષિતિજ તરફ તાકતી

મોટી પાણીદાર આંખોને હળવો સ્પર્શ કરી લીસા ગાલ પરથી સરકીને એની આંગળીઓ હોઠને અડકી. એનું આખુંય હોવાપણું જાણે એ આંગળીના ટેરવે જઈને મહોરી રહ્યું! આંખ બંધ કરીને થોડી વાર સુધી એ આ સ્પર્શ માણી રહી. ક્યારેક ઉપરના તો ક્યારેક નીચેના હોઠને સ્પર્શતી આંગળી થોડી પળો હોઠ સાથે રમીને આગળ વધી. ગરદનની ડાબી બાજુ પર હળવેથી સરકતી આંગળીએ કાનમાં લટકતાં ઝૂમખાંને અછડતો સ્પર્શ કર્યો. ગરદનને ધીમેથી પસવારતી એની આંગળી હવે આગળ વધી. ચસોચસ બીડેલા બ્લાઉઝમાંથી દેખાતાં બે ઉન્નત ઉરોજની બરોબર મધ્યમાં જઈને એની આંગળી અટકી અને હાંફતી છાતીની વચ્ચે અટકચાળો કરી રહી. આકૃતિને લાગ્યું જાણે હમણાં એનાં ટેરવાં બ્લાઉઝના એક એક તારને ઉધેડી નાખશે. એની છાતી અનાવૃત થઈ જશે અને આંગળીઓ તૃપ્ત થાય ત્યાં સુધી પીધા કરશે એનું અમૃત!

સ્પર્શના માદક નશાનો આ સાવ નવો અનુભવ હતો! એની આંગળીઓ આગળ વધી. સાડીના આછા એવા પાલવમાંથી ડોકાતી કમર પરથી સરકીને નાભિના વર્તુળ પર ફરી વળતાં ટેરવાં! સાવ અજાણી એવી લાગણીનાં મોજાં એના રોમરોમને ભીંજવી રહ્યાં હતાં અને એ સાનભાન ભૂલી એમાં ડૂબી રહી હતી. લાગણીની એ છોળ સાથે રમત રમતાં એનાં ટેરવાં એના જ શરીરની અજાણી ભોમકા પર પગરણ પાડી રહ્યાં હતાં.

આકૃતિને નશો ચડ્યો હતો. પહેલી વાર અનુભવેલા સ્પર્શનો. કશુંક માદક, મદહોશ કરી મૂકે એવું હતું આજના આ સ્પર્શમાં. એને થયું, એની આંગળીઓએ આજે પહેલી વાર સ્પર્શનો અનુભવ કર્યો છે! સ્પર્શ નામની આ લાગણી તરફ જાણે એનું ધ્યાન જ પહેલી વાર ગયું હોય એમ એ એના પ્રવાહમાં વહી જવા આતુર થઈ રહી હતી. એનાં સ્પર્શવિહોણાં સૂકાં ટેરવાં જાણે ચાતક માફક પોતાના જ શરીરી સ્પર્શ માટે તરસી રહ્યાં હતાં. પોતાના આ માખણ જેવા દેહને અનાવૃત કરીને એના એક એક અણુને સ્પર્શ થકી આત્મસાત્ કરી લેવાની એને અદમ્ય ઇચ્છા થઈ આવી. એ ઊભી થઈ. સ્કેચબુક લઈને પાર્કમાંથી બહાર નીકળી.

વાદળો હજીય ઘેરાયેલાં જ હતાં, પણ હવે આકૃતિને એની પરવા નહોતી. એની પાસે હવે એનું પોતીકું સ્પર્શનું વાદળ હતું.